Australian Government

Inspector-General of Taxation

Taxation Ombudsman

# કરવેરા સંબંધિત ફરિયાદ ?



Gujarati

# અમે કોણ છીએ

ઇન્સ્પેક્ટર જનરલ અને ટેક્ષેશન ઓમ્બુડસમેન (The Inspector-General & Taxation Ombudsman (IGTO)) એ એક સ્વતંત્ર સમવાયી સરકારી સંસ્થા છે કે જે તમને ઓસ્ટ્રેલીયાની ટેક્ષેશન કચેરીની (Australian Taxation Office (ATO)) અને ટેક્ષ પ્રેકટીશનર્સ બોર્ડની (Tax Practitioners Board (TPB)) વહીવટી કાર્યવાહીઓ અંગેની તમારી ફરિયાદો બાબતે મદદ કરવા માટે જવાબદાર છે.



1300 44 88 29
(લોકલ કોલના દરે)

# અમે કેવી રીતે તમને મદદ કરી શકીએ છીએ

તમારી ફરિયાદોનું નિવારણ કરવા માટે અમે એક સ્વતંત્ર, નિઃશુલ્ક, કરવેરા વિશેષજ્ઞની સેવા પૂરી પાડીએ છીએ.

‘વહીવટી કાર્યવાહી’ એ એક વ્યાપક ખ્યાલ છે કે જે સામાન્ય રીતે તમારી સાથે ATO કે TPBનાં નિષ્પક્ષપણા અને વાજબીપણાને આવરી લે છે.

ઉદાહરણો કે જ્યાં IGTO તમને મદદ કરી શકે છે, તેમાં નીચેનાનો અસીમિત રીતે સમાવેશ થાય છે:

- તમારી વિનંતીઓનાં જવાબો આપવાની સમયોચિતતા;
- ATO કે TPB અધિકારીઓનું આચરણ;
- ઓનલાઈન સેવાઓની ઉપલબ્ધતા;
- ATO કે TPB દ્વારા કરાયેલ કાર્યવાહીઓની સમજૂતીનો વિશ્વાસ કે પૂરતાપણું;

www.igt.gov.au

- એ સુનિશ્ચિત કરવું કે ATO અને TPBની કાર્યવાહીઓ તેમની નીતિઓ અને પ્રક્રિયાઓ સાથે સુસંગત છે; અને
- એ સુનિશ્ચિત કરવું કે ATO અને TPB તમારી તરફ ન્યાયિક અને પારદર્શક રીતે ધ્યાન આપે છે અને અન્વેષણો અને તપાસોમાં પૂરી પડાયેલ સહિતની બધી જ મહત્વની માહિતી ધ્યાનમાં લે છે.

જો તમે અનિશ્ચિત હો તો શું અમે તમને મદદ કરી શકીએ કે કેમ, અમારો સંપર્ક કરવા વિનંતી.

જો અમે પ્રત્યક્ષ રીતે તમને મદદ કરવા સક્ષમ ના હોઈએ તો, તમને મદદ કરવા માટે સૌથી વધુ ઉચિત સંસ્થા અંગેની સલાહ પૂરી પાડવા માટે અમે અમારાથી બનતા ઉત્તમ પ્રયત્ન કરીશું.

GPO Box 551, Sydney NSW 2001

# ફરિયાદોની પ્રક્રિયા

અમારી કચેરીમાં તમારી ફરિયાદ દાખલ કરવા માટે, “અમારો સંપર્ક કેવી રીતે કરવો” (How to contact us) તે વિભાગ જુઓ.

તમે ફરિયાદ દાખલ કરો ત્યારબાદ, એક IGTO તપાસ અધિકારી તમારી સાથે તમારી ફરિયાદનો સ્વીકાર કરવા અને ચર્ચા કરવા 2 કામકાજના દિવસોની અંદર તમારો સંપર્ક કરશે.

જો શક્ય હોય તો તમારી ફરિયાદનું નિવારણ કરવા માટે અમે તમારો પ્રત્યક્ષ રીતે સંપર્ક કરીશું.

તમારી ફરિયાદને વધુ સારી રીતે સમજવા માટે અને અમે ઉત્તમ રીતે તમને કેવી રીતે મદદ કરી શકીએ તે નક્કી કરવા માટે અમારે તમારી પાસે થી, ATO કે TPB પાસેથી વધુ વધારાની માહિતી મેળવવાની જરૂર પડી શકે છે.

અમારી પ્રગતિ અંગે અમે તમને માહિતગાર રાખીશું અને સંપૂર્ણ પ્રક્રિયા દરમિયાન અમારી તપાસના સમયમાળખાઓની તમને માહિતી પૂરી પાડીશું.

# અમારો સંપર્ક કેવી રીતે કરવો

www.igt.gov.au

**1300 44 88 29**
(લોકલ કોલના દરે)

**GPO Box 551**
**Sydney NSW 2001**

જો તમે અંગ્રેજી સિવાયની અન્ય ભાષામાં ફરિયાદ દાખલ કરવા ઈચ્છો તો ટ્રાંસલેટીંગ અને ઇન્ટરપ્રેટીંગ સેવા (Translating and Interpreting Service (TIS))ને **131 450** ઉપર કોલ કરો.

જો તમે શ્રવણ કે કથનની ખામી ધરાવતા હો અને ઉચિત ટેલીટાઈપરાઈટર(TTY) કે મોડેમ ઉપકરણની સુલભતા ધરાવતા હો તો, **13 36 77** ઉપર ફોન કરો.

જો તમે TTY કે મોડેમ ઉપકરણની સુલભતા ધરાવતા ના હો તો, **1300 555 727** ઉપર સ્પીચ ટૂ સ્પીચ રીલે સેવા Speech to Speech Relay Service ને ફોન કરો.